# પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

# જાહેરનામુ

# ગુજરાતપોલીસ અધિનિયમ ૧૯૫૧

ક્રમાંકઃક.૨/બોડકદેવ પો.સ્ટે./ ૧૫ /૨૦૨૩.
તારીખઃ ૦૫/૦૧/૨૦૨૩

સરકારશ્રીના ગૃહવિભાગના તારીખઃ૨૦/૧૦/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ પસથ/૧૦૨૦૧૧/૧૦૫૫/વ થી અમદાવાદ શહેરમાં બોડકદેવ પોલીસ સ્ટેશન ખોલવાનો ઠરાવ થતાં સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૨ થી મળેલ સત્તાની રૂએ હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, આથી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન તથા સોલા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં ફેરફાર કરી નીચે જણાવ્યા મુજબ બોડકદેવ પોલીસ સ્ટેશન, વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન અને સોલા પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર તારીખઃ ૦૫/૦૧/૨૦૨૩ ના કલાકઃ ૨૪.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

**<u>વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર</u> :-**

ઉત્તરઃ- હેલ્મેટ ચાર રસ્તાથી ગુરૂકુળ ત્રણ રસ્તા, સુભાષ ચોક થી સુરધારા સર્કલ,સત્તાધાર ચાર રસ્તા સુધીનો રોડ તથા ફુટપાથ સહિતનો સમગ્ર વિસ્તાર, સત્તાધાર ચાર રસ્તાથી સોલા ઓવરબ્રીજના ઉપર તેમજ નીચેના મધ્ય ભાગ સુધી રોડ તથા ફુટપાથ સિવાયનો સમગ્ર વિસ્તાર.

પશ્ચિમઃ-સોલા ઓવરબ્રીજના ઉપર તેમજ નીચેના મધ્ય ભાગથી હેબતપુર ત્રણ રસ્તા, થલતેજ ચાર રસ્તા, પકવાન ચાર રસ્તા, રાજપથ કલબ ત્રણ રસ્તા, ઇસ્કોનબ્રીજના ઉત્તર તરફના છેડા સુધીનો રોડ, બંને સાઇડના સર્વિસ રોડ તથા ફુટપાથ સહિતનો સમગ્ર વિસ્તાર.

દક્ષિણઃ-ઇસકોન બ્રીજના ઉત્તરછેડેથી પ્રેમચંદનગર રોડ, માનસી સર્કલ, કેશવબાગ ત્રણ રસ્તા સુધીનો રોડ તથા ફુટપાથ સહિતનો સમગ્ર વિસ્તાર.

પૂર્વઃ- કેશવબાદ ત્રણ રસ્તાથી અંધજન મંડળ ચાર રસ્તા, હેલ્મેટ ચાર રસ્તા સુધીનો ૧૩૨ ફુટ રીંગ રોડ બન્ને સાઇડના સર્વિસ રોડ તથા ફુટપાથ સહિતનો સમગ્ર વિસ્તાર.

**<u>સોલા પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર</u> :-**

ઉત્તરઃ- છારોડી ગામ સીમ સર્વે નંબર સહિતનો વિસ્તાર, એસ.જી.હાઇવે, એસ.જી.વી.પી. સ્વામિનારાયણ મંદિર સુધીનો તથા પશ્ચિમ તરફ ઓગણજ ગામના તમામ સીમ સર્વે નંબર સહિતનો વિસ્તાર.

Scanned by CamScanner

પશ્ચિમઃ-ઓગણજ ગામ સીમ સર્વે નંબર સહિત, ભાડજ ગામની સીમ સર્વે નંબર સહિત બોપલ પો.સ્ટે.ની હદ સુધીનો સમગ્ર વિસ્તાર.

દક્ષિણઃ-ભાડજ સર્કલથી સાયન્સસીટી રોડ, સોલા ઓવરબ્રીજ ઉપર તથા નીચેના મધ્ય ભાગથી સત્તાધાર ચાર રસ્તા સુધીનો રોડ તથા ફુટપાથ સહિતનો સમગ્ર વિસ્તાર.

પૂર્વઃ- સત્તાધાર ચાર રસ્તાથી કલાસાગર ચાર રસ્તા થઇ જનતાનગર બસ સ્ટેન્ડ થઇ ચાણકયપુરી બ્રીજના મધ્યભાગ સુધીનો રોડ તથા ફુટપાથ સહિતનો સમગ્ર વિસ્તાર તથા ચાંદલોડીયા ગામ દુધીયા ડેરી રોડ સિવાયનો વિસ્તાર તથા ગોતા ગામ તથા સીમ ,સર્વે નંબર સહિતનો સમગ્ર વિસ્તાર.

<u>બોડકદેવ પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર</u> :-

ઉત્તરઃ- સોલા ઓવરબ્રીજના ઉપર તથા નીચેના મધ્ય ભાગથી સાયન્સસીટી રોડથી ભાડજ સર્કલ સુધીનો રોડ તથા ફુટપાથ સિવાયનો સમગ્ર વિસ્તાર.

પશ્ચિમઃ-ભાડજ સર્કલથી શીલજ સર્કલ તરફ જતો સરદાર પટેલ રીંગ રોડ બોપલ પો.સ્ટે.ની હદ સુધીના બન્ને સાઇડના રોડ, સર્વિસ રોડ તથા ફુટપાથ સહિતનો વિસ્તાર, શીલજ ગામની હદ સિવાયનો વિસ્તાર, મેપલે ક્રાઉટી ત્રણ રસ્તા, અશ્વવિલા ચાર રસ્તા, કાન્તમ પાર્ટી પ્લોટ ચાર રસ્તા, હિંમતલાલ પાર્ક ત્રણ રસ્તા સુધીનો રોડ તથા ફુટપાથ સહિતનો વિસ્તાર.

દક્ષિણઃ-હિંમતલાલ પાર્ક ત્રણ રસ્તાથી , અશોકવાટિકા ત્રણ રસ્તા થઇ, કોટક ચાર રસ્તા સુધીનો આમલી- ઇસ્કોન બી.આર.ટી.એસ. બન્ને સાઇડના રોડ તથા ફુટપાથ સિવાયનો વિસ્તાર, કોટક ચાર રસ્તાથી મહિલા ગાર્ડન થઇ નોવા વિલેજ ત્રણ રસ્તાથી ઇસ્કોન બ્રીજના ઉત્તર તરફના છેડા સુધીનો રોડ સહિતનો સમગ્ર વિસ્તાર.

પૂર્વઃ- ઇસ્કોન બ્રીજના ઉત્તર તરફના છેડાથી, રાજપથ કલબ ત્રણ રસ્તા, પકવાન ચાર રસ્તા, થલતેજ ચાર રસ્તા, હેબતપુર ત્રણ રસ્તાથી સોલા ઓવરબ્રીજના ઉપર તથા નીચેના મધ્યભાગ સુધીના બન્ને સાઇડના રોડ, સર્વિસ રોડ તથા ફુટપાથ સિવાયનો સમગ્ર વિસ્તાર.

તારીખ: ૦૫/૦૧/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

પ્રતિ,
-પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વસ્ત્રાપુર, સોલા, બોડકદેવ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર
૨/- જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોંટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફિસ રેકર્ડમાં રાખવી.

Scanned by CamScanner